GJJM110000812025

सत्यमेव जयते

**CC NO. 41 / 2025**

**Exhibit No.**

## (નમુનો :–અ)

| | | |
|---|---|---|
| **કાલાવડના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી એચ.આર.ખમલ) સાહેબની કોર્ટમાં, મુ. કાલાવડ, જી. જામનગર** | | |
| **ચુકાદાની તારીખ** | – | ૨૩/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં** | – | ૪૧ / ૨૦૨૫ |
| **પો સ્ટે**<br>**એફ.આઈ.આર નં.** | – | કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે<br>ફર્સ્ટ ગુના રજી. નં. :– ૧૧૨૦૨૦૫૬૨૪૦૬૪૪/૨૦૨૪ |
| **ગુનો** | – | બી.એન.એસ ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | – | શ્રી સરકાર<br>(મુળ ફરીયાદી : અલ્લાઉદીનભાઈ ઈશાકભાઈ મલેક) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | – | **ડી.ડી.કારીયા** | |
| **આરોપી** | – | ૧. | **અર્જુનભાઈ સુકાભાઈ ટીંબા**<br>ઉ.વ.૩૩, ધંધો – એસ.ટી ડ્રાઈવર<br>રહે. રણજીતનગર સોસાયટી શેરી નં. ૦૧ કુતીયાણા, જી.પોરબંદર |
| **આરોપીના વિ.વ.શ્રી** | – | | **જે.એન.જાડેજા** |

## (નમુનો :–બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | – | ૨૪/૦૮/૨૦૨૪ |
| **ફરીયાદની તારીખ** | – | ૨૫/૦૮/૨૦૨૪ |
| **અહેવાલની તારીખ** | – | ૨૯/૦૧/૨૦૨૫ |
| **ચાર્જફ્રેમની તારીખ** | – | ૨૪/૦૨/૨૦૨૫ |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | – | ૨૬/૦૩/૨૦૨૫ |
| **ચુકાદા રાખવા માટેની તારીખ** | – | ૨૩/૦૪/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | – | ૨૩/૦૪/૨૦૨૬ |
| **સજા કરી હોય તેની તારીખ** | – | |

## આરોપીની વિગત

| નં | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અર્જુનભાઇ સુકાભાઇ ટીંબા | બી.એન.એસ.એસ.ની કલમ–૩૫(૩) મુજબની નોટીસ આપેલ છે. | | બી.એન.એસ ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ | | |

**(નમુનો:–ક)**

### ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ

| અનુ.ક | આંક | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૭ | અલાઉદીનભાઇ ઇશાકભાઇ બાધડા | ફરીયાદી |
| ૨ | ૦૯ | ખુશબુબેન ઇમતીયાઝભાઇ બાધડા | સાહેદ |
| ૩ | ૧૧ | ફૈઝાનભાઇ ઇશાકભાઇ આદમાણી | પંચ સાહેદ |
| ૪ | ૧૩ | ઇરફાન અલાઉદીનભાઇ બાધડા | સાહેદ |
| ૫ | ૧૪ | શીતલબેન કમલેશભાઇ રૂદરીયા | સાહેદ |
| ૬ | ૨૯ | ગીરીરાજસિંહ ઇન્દ્રવીજયસિંહ જેઠવા | સાહેદ |
| ૭ | ૩૦ | વીરજીભાઇ અજીતભાઇ પરમાર | ત.ક.અ |

### ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત

**(એ) ફરીયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ**

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદ |
| ૨ | ૧૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૫ | પી.એમ.નોટ |
| ૪ | ૧૬ | વાહન પરીક્ષણ રીપોર્ટ |
| ૫ | ૧૭ | વાહન પરીક્ષણ રીપોર્ટ |
| ૬ | ૧૮ | ઇન્જરી સર્ટીફીકેટ |
| ૭ | ૧૯ | ટ્રીટમેન્ટ સર્ટીફીકેટ |
| ૮ | ૨૦ | ઇન્જરી સર્ટીફીકેટ |

**-: ઠરાવ:-**

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૪/૦૮/૨૦૨૪ ના ક. ૧૨/૩૦ વાગ્યે રીનારી ગામના પાટીયા પાસે રોડ પર જતા ફરીયાદીના દીકરો ઇમ્તીયાઝભાઇ ગોપાલ નમકીન કંપનીનો ટ્રક જેના રજી નં. જીજે ૦૩ બીડબ્લ્યુ ૮૮૫૪ વાળી ટ્રક લઇને વેરાવળ થી રાજકોટ મેટોડા ખાતે જતા હોય અને ત્યારે કાલાવડ તાલુકાના રીનારી ગામના પાટીયા પાસે રોડ પર પહોંચતા સામેથી કાલાવડ તરફથી આરોપી એસ.ટી બસ નં જીજે ૧૮ ઝેડ ૮૧૩૮ વાળી ચલાવી આવતો હોય અને પોતાની સદર એસ.ટી બસ પુર ઝડપે બેફીકરાઇથી ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદીના દીકરાના સદરહુ ગોપાલ નમકીનની ટ્રકને સામેથી ઠોકર મારી ફરીયાદીના દીકરા ગોપાલ નમકીનની ટ્રકને સામેથી ઠોકર મારી ફરીયાદીના દીકરાને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડીને ફરીયાદીના દીકરાનુ મોત નીપજાવી ગુનો કરેલ જે સમગ્ર તપાસ દરમ્યાન આરોપી પકડાઈ જઇ કાલાવડ પો.સ્ટે બી.એન.એસ ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી. એકટ ની કલમ - ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો કરેલ છે જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

**(૨)** આ કામે હાલના આરોપી મુદતે અત્રેની અદાલતમાં હાજર થતાં અમોના પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા બી.એન.એસની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપી વિરુધ્ધ હાલના

ગુના સંબંધી આંક– ૦૪ થી તહોમતનામુ ઘડી અને આંક –૫ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો : ઉપર નમુના 'ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉક્તિ ફરેલી નથી.

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં. બી.એન.એસ.એસ કલમ ૩૫૧ મુજબ આ કામના આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનો મહદઅં શે ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલા નથી તેમજ વિશેષમાં કાંઈ કહેવું છે તેના જવાબમાં જણાવેલ છે કે તેના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયાનાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એસ.વાય.બ્લોચ નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે. તે ઉપરાંત આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો.

(૬) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, તા. ૨૪/૦૮/૨૦૨૪ ના ક. ૧૨/૩૦ વાગ્યે રીનારી ગામના પાટીયા પાસે રોડ પર જતા ફરીયાદીના દીકરો ઇમ્તીયાઝભાઇ ગોપાલ નમકીન કંપનીનો ટ્રક જેના રજી નં. જીજે ૦૩ બીડબ્લ્યુ ૮૮૫૪ વાળી ટ્રક લઇને વેરાવળ થી રાજકોટ મેટોડા ખાતે જતા હોય અને ત્યારે કાલાવડ તાલુકાના રીનારી ગામના પાટીયા પાસે રોડ પર પહોંચતા સામેથી કાલાવડ તરફથી આરોપી એસ.ટી બસ નં જીજે ૧૮ ઝેડ ૮૧૩૮ વાળી ચલાવી આવતો હોય અને પોતાની સદર એસ.ટી બસ પુર ઝડપે બેફીકરાઇથી ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદીના દીકરાના સદરહુ ગોપાલ નમકીનની ટ્રકને સામેથી ઠોકર મારી ફરીયાદીના દીકરા ગોપાલ નમકીનની ટ્રકને સામેથી ઠોકર મારી ફરીયાદીના દીકરાને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડીને ફરીયાદીના દીકરાનુ મોત નીપજાવી ગુનો કરી બી.એન.એસ ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં
૨. આખરી હુકમ મુજબ

**– કારણો –**

(૮) **મુદ્દા નં. ૧ અને ૨:–**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરી, રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો, સદર કામે હાલના ફરીયાદ પક્ષ તરફથી **આંક–૦૭** થી આ કામના ફરીયાદી **અલાઉદીનભાઈ ઈશાકભાઈ બાધડા** નાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આજથી આઠેક મહીના પહેલા સવારના અગીયારેક વાગ્ય રીનારી ગામના પાટીયા પાસે પહોંચતા તેઓનો છોકરો વેરાવળ થી કાલાવડ ગોપાલ નમકીન ની ગાડી ચલાવતો હતો ત્યારે હાલનો અકસ્માત બનેલો. આ અકસ્માતના બનાવમા સામસામે બન્ને વાહનો અથડાતા હાલનો બનાવ બનેલો. આ બનાવ બનતા કોઈ અજાણયા માણસે તેમને ટેલીફોનીક જાણ કરેલી. જેથી બનાવ સ્થળે ગયેલો. જયાં જઈને જોતા તેઓના દીકરાને પગમાં, માથાના ભાગે, હાથમાં તથા શરીરના અન્ય ભાગોમા ઈજાઓ થયેલી. આ અકસ્માત થતા કોઈએ ૧૦૮ ને ફોન કરી દીધેલો હતો ૧૦૮ આવી જતા જેમને લઈને કાલાવડ સરકારી દવાખાને સારવાર માટે ગયેલા જયાં પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે જામનગર સરકારી હોસ્પિટલમા દાખલ કરેલા જયાં તેમને ૫ દીવસ જેટલો સમય દાખલ રાખેલા. આ અકસ્માતમાં તેઓના દીકરાના બન્ને પગમા ફેકચર થયેલા. ફેફસાના ભાગે ગંભીર ઈજા થયેલી, માથામા લાગેલુ તેમજ હદયની નસ ડેમેઝ થઈ ગયેલી. ત્યારબાદ ઉપરોકત બનાવ અંગે તેઓને ધોરણસરની ફરિયાદ આપેલી. આ અકસ્માતમાં જે સામેવાળુ વાહન જે બસ હતી જેના નંબર મેં લખાવેલા જે બસ બનાવ સ્થળે હું જયારે ગયેલો ત્યારે ત્યાં હાજર હતી. ત્યારે મે તેના નંબર જોએલા. હાલના તબકકે પ્રોસીકયુસન તર્ફે અકસ્માત કરનાર વાહનના નંબર સાહેદને યાદ ન હોય તેમની મેમરી રીફ્રેશ કરવા નંબર બતાવા માંગતા હોય જેના સામે બચાવ પક્ષે વાંધો લેતા હોય સદરહુ બનાવ સાત મહીના જેટલો સમય પસાર થઈ

ગયેલ હોય અને સાહેદને નંબર યાદ નથી એવુ રેકર્ડ ઉપર આવી ગયેલ હોય નંબર પુરતુ મેમરી રીફ્રશ કરવા પરવાનગી આપવામા આવે છે. મને આ કા મની ફરિયાદ બતાવમા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મે જે બસના નંબર લખાવેલા છે તે નંબર જી જે ૧૮ ઝેડ ૮૧૩૮ હતા. મેં ડ્રાઈવરને બનાવના સ્થળે જોએલ નથી હોસ્પિટલમા જોએલા. જેમને હું જોએથી ઓળખી શકુ જેઓ આજરોજ નામ કોર્ટમા હાજર નથી. બચાવ પક્ષે ઓળખ અંગે કોઈ તકરાર નથી. આ અકસ્માતનો બનાવ એસ ટી બસના ચાલકની બેદરકારીને કારણે બનેલી.

ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતો. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમને કયા નંબર પર ફોન આવેલો તે મે પોલીસને જણાવેલ નથી. મારા દીકરા પાસે ડ્રાઈવીંગ લાઈસન્સ છે. જે તેમને પોલીસને આપેલુ. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓના દીકરાથી આ અકસ્માત બન્યો એ પહેલા બીજા કોઈની ગાડી ચલાવતો હતો ત્યારે અકસ્માત થયેલ હતો. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ તેમની ઘરે હતો એટલે બસની સ્પીડ કેટલી હતી તે તેઓ ના કહી શકુ. એ વાતનો સ્વીકાર કરે છે કે, બસ કોણ ચલાવતુ હતુ તે તેઓ ના કહી શકુ. અકસ્માત બાદ તેઓ બનાવ સ્થળે તેઓ ગયેલો ત્યારુ આશરે ૨૦ જેટલા માણસો ભેગા થઈ ગયેલા ૧૦૮ ને તેઓ બોલાવેલ નહીં. તેઓના છોકરાને ગાડીની બહાર કાઢેલો ત્યારે એ જીવીત હતો. બસ વેરાવળ જામનગર રુટ ની હતી. અકસ્માત કોની બેદરકારીને કારણે તે તેઓ બનાવ સ્થળે કોઈને પુછેલુ નહીં. એ વાતનો સ્વીકાર કરે છે કે, ૧૦૮ મા તેઓ તેમના દીકરાને ખટારામાંથી જાતે કાઢી બેસાડેલો. તેઓના દીકરાને ખટારમાંથી કાઢેલ ત્યારે બીજા લોકો મદદ માટે હતા તેની તેમને ખબર નથી એકાદનુ નામ તેમને ખબર છે મજીદભાઈ મામાદભાઈ મલેક હતા જે તેઓના સાળા થાય છે. તેઓ તેઓની પહેલા પહોંચેલા હતા. આ કામના બનાવના પાંચ– છ દીવસ પછી પો સ્ટે ગયેલો. એ વાતનો ઈનકાર કરેલ છે કે, પોલીસે જાતે ફરિયાદ લખી સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી દીધેલી. એ વાતનો ઈનકાર કરેલ છે કે, આવો કોઈ બનાવ બનેલો ન હોય તેઓના દીકરાની ભુલ ને કારણે તેમને ખોટી ફરિયાદ લખાવેલી જેના સમર્થનમા સોગદ ઉપર

ખોટી જુબાની આપુ છુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ કોની બેદરકારીને કારણે બનેલો તે હું ના કહી શકુ.

(૮.૧) ફરીયાદપક્ષે **પંચ સાહેદ ફૈઝાનભાઈ ઈશાકભાઈ આદમાણી** ને **આંક–૧૧** થી સોગંદ પર તપાસેલ છે. તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર સ્થાનિક જગ્યાનુ પંચનામું **આંક–૧૨** થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદ તેમની જુબાનીમાં સ્થાનિક જગ્યાનુ પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક–૧૨** વાળું સ્થાનિક જગ્યાનુ પંચનામું પુરવાર થતું નથી.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષે **આંક–૦૯** થી **સાહેદ ખુશબુબેન ઈમતીયાઝભાઈ બાધડા**ને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા સવારના સાળા દશ થી અગીયારની વચ્ચે બનાવ બનેલો. બનાવમાં, બનાવના દીવસે તેઓના પતિ ગોપાલ નમકીનનો ટ્રક ચલાવતા હોય ધોરાજીથી કાલાવડ આવતા હતા ત્યારે રીનારી ગામ પાસે પહોંચતા સામે એસ ટી બસ સાથે અકસ્માત થયેલો. આ અકસ્માત કઈ રીતે થયેલો તે તેઓ કહી શકુ નહીં. અકસ્માતના દીવસે હોસ્પિટલમાં તેમને બસ ચાલકને જોએલા જેમને હાલ તેઓ જોએથી ઓળખી શકુ નહીં. બનાવના દીવસે આ અકસ્માત કયાંથી કયાંની હતી તેના નંબર શું હતા કે ડ્રાઈવર નું નામ મને આજદીન સુધી ખબર પડેલ નથી. બનાવ બનયા બાદ તેઓ સીધી જામનગર જી જી હોસ્પિટલે ગયેલી જયાં તેઓના પતિ આઈ સી યુ માં દાખલ હતા, બેભાન હતા, આ બનાવમાં તેઓના પતિને ફેફસાના ભાગે અને બન્ને પગો ફેકચર થયેલા હતા. ત્યારબાદ ફરજ પરના હાજર ડોકટર શ્રીએ તેમને મરણ ગયેલાનુ જણાવેલુ. આ અકસ્માતનો બનાવ એસ ટી બસની બેદરકારીને કારણે બનેલો.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સાત ધોરણ ભણેલી છુ. એ વાતનો સ્વીકાર કરે છે કે,

બનાવ સમયે તેઓના ઘરે હતી. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓને નજરે જોયેલ નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ વિશે તેમને જાત માહીતી ન હોય બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓ ના કહી શકુ. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ બનાવ સ્થળે નથી ગયેલી. એ વાતનો ઈન્કાર કરે છે કે, મૃતક તેઓના ઘરવાળા થતા હોય જેથી તેમના કેસને સમર્થન આપવા સોગદ ઉપર એસ ટી બસના ડ્રાઈવર વિરુધ્ધ ખોટી જુબાની આપુ છુ.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૩ થી સાહેદ ઈરફાન અલાઉદીનભાઈ બાધડા**ને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.ર૪ ના બનેલો. વર્ષ ર૦ર૪માં બનેલો. બનાવ રીનારી ગામના પાટીયા પાસે બપોરના સાડા બારેક વાગ્યે મારો ભાઈ ગોપાલ નમકીનનો કન્ટેનર લઈને ધોરાજી થી કાલાવાડ આવતા હતા. ત્યારે કાલાવડ તરફથી એસ.ટી. બસ કે જેના રજી. નં. તેમને ખબર નથી. જેના ડ્રાઈવર ટીંબાભાઈ હતા અને આ એસ.ટી.ની બસ જુનાગઢ તરફ જતી હતી ત્યારે બનાવ બનેલો. આ બનાવમાં એસ.ટી. બસના ચાલક રોડ પરના ખાડા તારવવા જતા રોંગ સાઈડમાં આવીને સામેથી તેઓનો ભાઈ જે ગોપાલનો ટેન્કર ચલાવતો હતો જે પોતાની સાઈડ વાહન ચલાવતો હતો ત્યારે એસ.ટી.બસ ચાલકે એસ.ટી.બસનું અકસ્માત કરેલો. ત્યાર બાદ તેઓ બનાવ સ્થળે ગયેલો ત્યારે મારા પિતા તથા તેઓના મામા બનાવ સ્થળે હાજર હતા અને તેઓના ગયો ત્યારે જેસીબી ધ્વારા તેઅના ભાઈને બહાર કાઢી કાલાવાડ સરકારી દવાખાને ૧૦૮માં સારવાર માટે લઈ આવેલા. ત્યાથી વધુ સારવાર માટે જામનગર જી.જી.હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ ગયેલા. જયા તેઓના ભાઈને છ દિવસ સુધી સારવારમાં રાખેલો અને ત્યાર બાદ ચાલુ સારવારે તેઓના ભાઈનું મૃત્યુ થયેલું. આ અકસ્માતનો બનાવ એસ.ટી.બસના ચાલકની બેદરકારીથી થયેલો.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, તેઓ આઠ ધોરણ ભણેલ છું. ગુજરનાર તેઓના ભાઈ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ કાલાવાડ બસ સ્ટેન્ડમાં હતો. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેમને નજરે જોયેલ નથી.

એ વાતનો સ્વીકાર કરે છે કે પોલીસ રુબરુ નિવેદનમાં એવી હકીકત લખેલ છે કે તેઓ તથા તેઓના પિતા તેઓના ઘરે હાજર હતા. સાહેદ સ્વેસ્છાએ જણાવે છે બનાવ સમયે કાલાવાડ બસ સ્ટેન્ડમાં હાજર હતો. સાહેદ સ્વેસ્છાએ જણાવે છે કે એસ.ટી.બસના ડ્રાઈવરને બસ ચલાવતા ઘણી વાર જોયેલા. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓના પિતાએ ફરીયાદ કરેલ હોય તેને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષે **આંક−૧૪** થી **સાહેદ શીતલબેન કમલેશભાઈ રૂદરીયા**ને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૮/૨૪ ના રોજ બનેલ. કાલાવડથી આગળ રીનારીના પાટીયા પાસે પહોચતા અમારી એસ.ટી બસ તથા ગોપાલ નમકીનનાં બંધ બોડીના ખટારા સાથે બનેલો. બનાવ સમયે એસ.ટી ની બસ અમારા અજૃનભાઈ ચલાવતા હતા. અમારી બસ જામનગર થી જુનાગઢના રુટ ની હતી જેના નં . જીજે ૧૮ ઝેડ ૮૧૩૮ હતા. બનાવ સમયે તેઓ તેમની સીટ બેસેલ હતી ત્યારે અકસ્માતનો ધડાકા ભેર અવાજ થતા ખબર પડેલ કે બે વાહનો સામ સામે અથડાયેલા છે. ત્યારબાદ હુ નીચે ઉતરેલી. બસ મા બેસેલ પેસેન્જર પૈકી કોઈને થોડુ ઘણુ વાગેલુ હતુ કે કેમ તેનુ મને ધ્યાને નથી. બનાવ બાદ અમારી બસ રોડની ડાબી બાજુ પર હતી અને ટ્રક જમણી બાજુ પડેલ હતો. આ અકસ્કમાતમાં ટ્રક ના ચાલક ને કે તેના કંડટર ને કોઈ ઈજા થયેલ હોય તેની મને જાત માહીતી નથી. આ અકસ્માતમાં અમારી બસના ડ્રાઈવરને પગમા ઈજા થયેલ હતી જેને લઈને એમબ્યુલન્સ મા કાલાવડ સરકારી હોસ્પીટલે ગયેલા અને મને પણ સામાન્ય દુખાવો થતો હોય મને પ્રાથમીક સારવાર આપેલી. ત્યારબાદ અમારી બસના ડ્રાઈવરને જામનગર ખાતે સારવાર માટે લઈ ગયેલા ત્યારબાદ શું થયેલુ તેની મને કોઈ જાત માહીતી નથી. પોલીસે મારો જવાબ લીધેલો.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે,બનાવ સમયે અમારી એસ.ટી બસમા આશરે ૬૦ થી ૭૦ જેટલા પેસેન્જર બેઠેલ હતા.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બસમાં ગીરદી હોવાથી આશરે ૧૨ થી ૧૫ જેટલા પેસેન્જરો બસની શીટની વચ્ચે આવેલ લોબીમાં ઉભેલ હતા.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બસ કાલાવડ ઉપડેલ

હોય જેથી બસ મા બેસેલ પેસેન્જરો નો ટીકીટનો હીસાબ કરતા હોયે છીએ.એ વાત ખરી નથી કે, અકસ્માત થયેલ ત્યારે હુ બસ માં ઉભી હતી અને પેસેન્જરો પાસેથી ટીકીટ ફાડટી હતી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત થયેલ ત્યારે હુ મારી શીટ પર બેસેલ હતી અને ટીકીટોનો હીસાબ કરતી હતી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, અમારી બસનો દરવાજો બસ ની વચ્ચે આવેલ હતો.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બસમાં પેસેન્જરો લોબીમાં ઉભેલા હોય જેથી બસની આગળ શું બનેલ તે હુ કહી શકુ નહી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માતનો બનાવ કોની બેદરકારીથી બનેલ તેની મને ખબર નથી.

સવાલઃ– પોલીસે બનાવ બાબતે તમારે જવાબ કયારે લીધેલા ?

જવાબ– હુ ચાલુ નોકરીમાં હતી તે દરમ્યાન બનાવના આશરે ૩/૪ મહીના બાદ પોલીસે મને ફોન કરી મારો જવાબ લીધેલો. એ વાતનો સ્વીકાર કરે છે કે, અમારી બસના ડ્રાઈવર સાથે નોકરી કરતા હોય જેથી તેમને ઓળખુ છુ.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હુ કંડકટર ના ફરજના હોદાની રુએ અકસ્માત સમયે બસ મા થયેલ નુકશાન બાબતે પોલીસે સ્ટેશને ફરીયાદ દેવા ગયેલ. પોલીસે મારી ફરીયાદ લીધેલ નથી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હુ બસમાં વચ્ચે બેઠેલ હોય જેથી બસની સ્પીડ ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપી અમારી સાથેના કર્મચારી હોય જેથી તેમને બચાવવા સોં ગદપર ખોટી જુબાની આપુ છુ.

(૮.૫) આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૯** થી ત.ક.અ **ગીરીરાજસિંહ ઈન્દ્રવીજયસિંહ જેઠવા** ને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૨૫/૦૮/૨૪ ના રોજ અમો પો.સ્ટે. કાલાવડ ગ્રામ્યમાં પી.એસ.ઓ. પો.હેડ.કો.એન.કે.છૈયા એ લીધેલ ફરીયાદની અમોને તપાસમાં મળતા તેમા બનાવવાળી તપાસ ગુન્હા નં.૦૬૪૪/૨૪ ના કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને લગત સાહેદોના નીવેદનો લીધેલા. ત્યાર બાદ તા.૩૦/૮/૨૪ ના રોજ ફરીયાદીના પુત્ર ઈમ્તીયાઝભાઈ ગુજરી જતા તેના ઈન્કવેસ્ટને લગત કાગળો કરેલ. ત્યાર બાદ બનાવ એકસીડન્ટમાંથી ફેટલનો બનાવ બનેલ હોય, જેથી આ ફરીયાદમાં કલમ ઉમેરવાનો રીપોર્ટ

આપેલ. બાદ એકસીડન્ટના ગુન્હામાંથી ફેટલનો ગુન્હો બનેલ હોય, જેથી આ ગુન્હાની વધુ તપાસ પી.એસ.આઈ.શ્રી વી.એ.પરમાર સાહેબને સોંપી આપેલ.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, પંચનામુ પંચોની ગેરહાજરીમાં કરેલ છે.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સરતપાસમાં જણાવ્યા સીવાયની કોઈ આગળની કાર્યવાહી કરેલ નથી.

(૮.૬) આ કામે ફરીયાદપક્ષે **આંક–૩૦** થી ત.ક.અ **વીરજીભાઈ અજીતભાઈ પરમાર** તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૦૪/૦૯/૨૪ ના રોજ અમો પી.એસ.આઈ તરીકે કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે.માં ફરજ પર હતા તે દરમ્યાન અમારી અગાઉના ત.ક.અ. જી.આઈ.જેઠવા તરફથી ગુન્હા રજી.નં. ૬૪૪/૨૪ ના કામની તપાસ અમોને સોપતા તપાસના આ કામે તેમના રુબરુ નોધાંયેલ ફરીયાદ તથા ઈન્કવેસ્ટ પં ચનામુ તથા બનાવ સ્થળનુ પંચનામુ અમોને મળતા આગળની તપાસ સંભાળેલી તપાસના કામે ગુજરનારની પી.એમ.નોટ કબજે કરેલ, આર.ટી.ઓ અધિકારીશ્રી દવારા વાહનનો પરીક્ષણ કર્યા અંગેનો રીપોર્ટ મેળવેલો તથા લાગતા વળગતા સાહેદોના નીવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા તથા એસ.ટી.ડેપો મેનેજર પાસેથી તપાસના કામે બસના કાગળો મેળવી લીધેલા આ કામે આરોપી પાસેથી લાઈસન્સ, આર.સી.બુક વીમાના કાગળો મેળવી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપી વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપી આજરોજ નામ. કોર્ટમાં હાજર છે જેને જોયેથી ઓળખી બતાવેલા છે.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે,ફરીયાદમાં આરોપીનુ નામ જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી કે કોઈ સાહેદો પાસે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો જાહેર રોડ છે ત્યાં વાહનની અવરજવર હોય છે. તપાસ દરમિયાન બનાવ નજરે જોનાર કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મરણજનાર પાસે ડ્રાઈવીગ લાઈસન્સ હતુ કે કેમ તે અંગે કોઈ તપાસ કરેલ નથી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તપાસ દરમિયાન લીધેલ સાહેદોના નિવેદનો તેમજ પંચનામાઓમાં આરોપીનુ કોઈ

નામ લખાવેલ કે જણાવેલ નથી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે ત્યાં માણસોની તથા વાહનોની અવરજવર તથા ટ્રાફીક રહેતો હોય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જામજોધપુર ડેપોના મેનેજરના નીવેદન લીધેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે એસ.ટી બસ કોણ ચલાવતુ હતુ તેનો કોઈ આધાર પુરાવો લીધેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બસમાં બેસેલ પેસેન્જરોની ટીકીટ કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, મે આ કામે યોગ્ય કે તટસ્થ તપાસ કરી નથી. એ વાત ખરી નથી કે,સાહેદોના નિવેદન મારી જાતે તૈયાર કરી લીધેલા છે. એ વાતનો ઈન્કાર કરે છે કે,હાલના આરોપી સામે કોઈ પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલછે. એ વાતનો ઈન્કાર કરે છે કે,સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

(૯) આમ, આ કામે ઉપરોકત રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો જોવામાં આવે અને તેનું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવે તો, હાલની ફરીયાદ મુજબ આ કામના ફરીયાદીના દીકરા ઇમ્તીયાઝભાઇ ગોપાલ નમકીનનો ટ્રક લઈને વેરાવળથી રાજકોટ મેટોડા જતા હોય ત્યારે કાલાવડ તાલુકાના રીનારી ગામના પાટીયા પાસે પહોંચતા સામેથી કાલાવડ તરફથી આ કામના આરોપી એસ.ટી. બસ ચલાવી ચાવતા હોય અને પોતાની સદર એસ.ટી. બસ પુરઝડપે ચલાવી ફરીયાદીના દીકરાના સદરહું ગોપાલ નમકીનની ટ્રકને સામેથી ઠોકર મારી તેઓને ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવેલ હોવાની આક્ષેપીત ફરીયાદ આપવામાં આવેલ છે. જે અન્વયે સૌ પ્રથમ ફરીયાદપક્ષ ધ્વારા મરણજનાર ના પીતાશ્રી અલ્લાઉદીનભાઈ ઈશાકભાઈ બાધડાને સોગંદ પર તપાસેલ છે, તેઓએ બનાવ સંબંધે ફરીયાદ મુજબ સમર્થન કારક પુરાવો આપેલ છે. જેથી બનાવ સમયે અને બનાવની તારીખે આ કામના આરોપીના હવાલાવાળી એસ.ટી.બસ અને ફરીયાદીના દીકરાના હવાલાવાળો ગોપાલ નમકીનના ટ્રક વચ્ચે અકસ્માત થયેલ હોવાનુ ફલીત થાય છે. વધુમા હાલના ફરીયાદી સોગંદ પર જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ એસ.ટી. બસ ચાલકની બેદરકારીના કારણે બનેલો. પરંતુ સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને બનાવની જાણ ટેલીફોનીક થયેલી. આમ, હાલના સાહેદ બનાવ સમયે બનાવથી દુર તેઓના ઘરે રહેલ હતા જેથી બનાવ સ્થળ પર કઇ રીતના અકસ્માત બનેલો તેમજ કોની બેદરકારીથી બનેલો તે સ્વાભાવીક રીતે હાલના સાહેદ ચોકકસ રીતે કહી ન શકે. જેથી હાલના સાહેદના પુરાવા પરથી અકસ્માત

હાલના આરોપીની બેદરકારીથી બનેલ હોવાનુ માની શકાય નહી. તે સિવાય ફરીયાદ પક્ષ ધ્વારા મરણજનાર ના માતાશ્રી ખુશ્બુબેનને તેમજ મરણજનારના ભાઈ ઈરફાનભાઈને સોગંદ પર તપાસેલ છે. જે બન્ને સાહેદોએ પણ ફરીયાદીએ આપેલ પુરાવાને વળગી રહેલ છે. પરંતુ સદર બન્ને સાહેદ પણ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ બનાવ સમયે તેઓ બનાવ સ્થળે ન હતા. આમ, સદર સાહેદોના પુરાવા પરથી પણ બનાવ ચોકકસ કઈ રીતના તેમજ કોની બેદરકારીથી બનેલ તેવુ કોઈ માનવા લાયક પુરાવાથી સાબીત થતુ નથી. વિશેષમાં ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૪ થી એસ.ટી. બસમાં સવાર કંડકટરને તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, એસ.ટી. બસ હાલના આરોપી ચલાવતા હતા તેમજ તેઓ સીટ પર બેસેલ હતા અને અકસ્માતનો ધડાકાભેર અવાજ થતા તેઓને ખબર પડેલ કે બે વાહનો સામ સામે અથડાયેલ છે અને ત્યારબાદ તેઓ નીચે ઉતરેલા. આમ, હાલના સાહેદ સ્વતંત્ર તેમજ સરકારી તેમજ બનાવ સ્થળ પર હાજર રહેનાર સાહેદ છે જેથી તેઓનો પુરાવો ખુબ જ અગત્યનો રહે છે. હાલના સાહેદો પોતે બસમાં બેઠેલ હતા તે દરમ્યાન અચાનક અવાજ આવતા અકસ્માત થયેલ હોવાનુ જણાવે છે તેમજ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, અકસ્માતનો બનાવ કોની બેદરકારીથી બનેલ તે મને ખબર નથી તેમજ અકસ્માત થયેલ ત્યારે તેઓ તેઓના શીટ પર બેસીને ટીકીટના હીસાબ કરતા હતા. આમ, હાલના સાહેદના પુરાવા પરથી પણ આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી એસ.ટી. બસ પુરઝડપે, બેફીકરાઈથી અને ગફલતભરીરીતે ચલાવીને સામેથી આવતા ફરીયાદીના ગોપાલ નમકીન ટ્રકને ઠોકર મારેલ હોય તેવી કોઈ હકીકતો જણાઈ આવતી નથી. આમ, હાલના સાહેદના પુરાવા પરથી પણ ફરીયાદપક્ષને કઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં ફરીયાદ પક્ષ ધ્વારા સદર ગુન્હાની તપાસ કરનાર અમલદારોને આંક–૨૯ અને આંક–૩૦ થી તપાસેલા છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ પોતાની ફરજ પરની રુટીન કામગીરી કરેલ છે. વધુમાં સદર ત.ક.અમલદારની બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવવાળો જાહેર રોડ છે અને વાહનોની અવર જવર રહેતી હોય છે, તેમજ તપાસ દરમ્યાન કોઈ નજરે જોનાર સાહેદોના નીવેદનો લીધેલ નથી. આમ, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાનુ ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષ ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદો કે નજરે જોનાર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા નથી. વધુમાં અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપીના હવાલાવાળી સરકારી બસમાં આશરે ૬૦ થી ૭૦ પેસેન્જરો સવાર રહેલ હતા. પરંતુ ફરીયાદપક્ષ ધ્વારા તે પૈકી કોઈ સાહેદોને તપાસી શકેલ નથી. આમ,

હાલના આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો પુરવાર થતો નથી. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષે રજુ રાખેલ પી.એમ.નોટ, એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મ તેમજ ઇન્જરી સર્ટીફીકેટસ બચાવપક્ષ ધ્વારા કબુલ રાખેલ છે. જેથી સદર દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય રાખવામાં આવેલ છે. જેથી અકસ્માત દરમ્યાન હાલના ફરીયાદીના પુત્રનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ નીપજેલ હોવાનુ ફલીત થાય છે, પરંતુ તેઓનુ મૃત્યુ હાલના આરોપીની બેદરકારીથી કે પુરઝડપે વાહન ચલાવવાથી થયેલ હોવાનુ લેશમાત્ર ફલીત થતુ નથી. આ ઉપરાંત રજુ થયેલ એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મ મુજબ પણ આ કામના આરોપીની કોઇ બેદરકારી હતી તેવી કોઇ હકીકતો ફલીત થતી નથી. આમ, રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન પ્રાપ્ત થતુ નથી. તે સીવાય ફરીયાદપક્ષ ધ્વારા સ્વતંત્ર કે નજરે જોનાર સાહેદોને તપાસેલા નથી. ફરીયાદીના પુરાવો જોતા કોઈ વિશેષ ફળદાયક હકીકત રેકર્ડ ઉપર આવે તેમ જણાતુ નથી તમામ પુરાવા પરથી આરોપીને ગુનાના કામે સાંકળી શકાય નહી. આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ મૈખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષની ફરીયાદને સમર્થન કારક બનતો નથી. જેથી રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ માનવાલાયક પુરાવાથી પુરવાર થયેલ નથી. આમ, સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતાં આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો જેવા કે રેશ, નેગ્લીજન્સી કે આઈડેન્ટીટી પુરવાર થયેલ નથી. આક્ષેપિત વાહન અકસ્માતના બનાવમાં નજરે જોનાર કોઈ સાહેદોને ફરીયાદપક્ષ તપાસી શકેલ નથી. હાલના આરોપી જ આક્ષેપિત ગુન્હાના કામે સંડોવાયેલ હતા તેવો પણ કોઇ સ્પષ્ટ કે માનવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવલ નથી. તે જોતા બનાવમાં ઉપજતી શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. હાલના બનાવમાં, ફરીયાદીની ફરીયાદવાળો બનાવ બનેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ મરણજનારનુ મૃત્યુ હાલના આરોપીના જ ગફલતભર્યા અને બેફામ તેમજ બેદરકારી ભર્યા ડ્રાઇવીંગથી થયેલ હતુ તેવુ હતુ તેવુ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૧૦) આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી મરણજનારનુ મૃત્યુ થયેલાનુ પુરવાર થાય છે. પરંતુ ફરીયાદપક્ષ, આરોપી સામેના તહોમતનામા મુજબના ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનો તુલ્નાત્મક અભ્યાસ કરતા, ફરીયાદપક્ષ નિ:શંકપણે આરોપીઓ વિરૂધ્ધ એવી હકીકત સાબિત કરી શકેલ નથી કે, આ કામના આરોપી પોતાનુ વાહન પુરઝડપે તથા ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના પુત્રના વાહન સાથે અથડાવી તેઓને ઈજા કરી મોત નીપજાવેલ હોય. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકારહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવુ

છુ. જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર માટે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)** ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ- ૨૭૧ ની જોગવાઈ મુજબ આ કેસના આરોપી **અર્જુનભાઈ સુકાભાઈ ટીંબા** રહે. રણજીતનગર સોસાયટી શેરી નં. ૦૧ કુતીયાણા, જી.પોરબંદર નાઓને બી.એન.એસ ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ કલમ–૪૮૧ અન્વયે આ કામના આરોપીએ રુ.૫૦૦૦/– ( અંકે રુપિયા પાંચ હજાર પુરા ) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે

આ હુકમ આજ તા. ૨૩ મી, એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ – કાલાવડ
તારી. – ૨૩/૦૪/૨૦૨૬.

(**હર્ષદ રાજાભાઈ ખમલ**)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કાલાવડ
**[GJ01749]**